R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 4
July - 2011

## નસીબ કરતાં વધારે.....

એક બ્રાહ્મણ તેની પત્ની અને પુત્ર સાથે નદીકિનારે રહેતો હતો. બહુ ગરીબ અવસ્થામાં જીવન ગુજારતો અને ભગવાનનું નામ લેતો.

એકવાર નારદજી આકાશમાર્ગે ત્યાંથી નીકળ્યા. તેમણે આ જોયું ને ભગવાન વિષ્ણુ પાસે જઈ ફરિયાદ કરી. 'તમારા ભક્તને તમે કેમ ગરીબ રાખો છો ?'

ભગવાન કહે- 'તેના નસીબમાં જ નથી તો હું શું કરી શકું ?'

નારદ કહે- 'ના એવું ન ચાલે. તમે કાંઈ કરો.'

ભગવાન કહે- 'ભલે એમને કહેજે. આવતી પૂનમે નદીમાં સ્નાન કરીને ત્રણેય એક એક વરદાન માગી લે.'

પૂનમના દિવસે સવારે બ્રાહ્મણી વહેલી ઊઠી. તેને થયું કે હું જઈને ઝટ પહેલું વરદાન માગી લઉં. તેણે સ્નાન કર્યું ને વરદાન માગ્યું કે મને રાજરાણી જેવું સૌંદર્ય મળે.'બ્રાહ્મણી તરત રાજરાણી જેવી સુંદર બની ગઈ. એટલામાં ત્યાંથી રાજા નીકળ્યો. એને થયું કે આવું સૌંદર્ય તો રાજમહેલમાં શોભે. તે બ્રાહ્મણીને ઘોડા પર બેસાડી રાજમહેલમાં લઈ ગયો.

આ તરફ-દીકરો જાગ્યો. જોયું તો બ્રાહ્મણીના મળે. બાપે ધ્યાન ધરીને જોયું તો બ્રાહ્મણી રાજમહેલમાં રાણીનો શણગાર સજીને બેઠેલી. તેને ગુસ્સો આવ્યો ને તેણે સ્નાન કરી વરદાન માગ્યું કે મારી પત્ની બકરી બની જજો. બ્રાહ્મણી બકરી બની ગઈ. એટલે રાજસેવકોએ તરત જ તેને હાંકી કાઢી. બકરી નદીકિનારે પાછી આવી ગઈ.

હવે દીકરાનો વારો હતો. દીકરો કહે હું શું માગું ? એ જ કે બકરીમાંથી મારી મા પાછી મને મળે. એટલે બકરીમાંથી પાછી બ્રાહ્મણી થઈ ગઈ. આમ ત્રણેય વરદાન એળે ગયાં.

સાંજે નારદજી જોવા આવ્યા. તેમને તો એમ કે બ્રાહ્મણ ધનવાન થઈ ગયો હશે. આખી વાત જાણ્યા પછી તેમને ભગવાન વિષ્ણુના શબ્દો યાદ આવ્યા. નસીબ કરતાં વધારે કોઈને કાંઈ મળતું નથી. **- સંકલન**

## Shree Balasionr Navyuvak Sangh

# Convenor of Various Activities

**Swasthya And Hospital Sahay Yojana**
Shailesh Natverlal Kadakia

**Pustak Yojana**
Deepak Navnitlal Shah

**Notebook Rahat Yojana And Concessional Rate Notebook Scheme**
Sunil Navinchandra Mody

**Mahila Vibhag**
Kunjbala Hemendra Shah

**Jansathi B.N.S. Lalkha Cricket And Precision Double Wicket Cricket Tournament**
Chirag Chandrakant Parikh

**Varshik Rasotsav**
Hemendra Ramanlal Shah

**Computer Education Yojana and Membeship Management**
Samir Jayendra Gandhi

**Mediclaim Yojana**
Bharat Kantilal Parikh

**Janata Fee Sahay Yojana**
Kirti Hiralal Kadakia

**Diwali Parv Arthik Rahat Scheme**
Saumil Jitendra Mody

**Indoor Sports**
Ajit Natvarlal Mody

**Upnagar Vibhag**
Nimesh Babulal Gandhi

**Publication of Jyoti Punj**
Nikhil Babulal Parikh

**Balasinor Premier League**
Kinjal Pankaj Parikh

**Chlalo Balasinor (Co-Ordinator)**
Saumil Jitendra Mody

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૪ | ૧૪-૦૭-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

☯

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેઅર માર્ટ**

૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨ જે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૩

ટે.(ઓ.) : ૨૩૪૨૬૩૧૬ / ૨૨૦૬૦૦૦૯

(મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

☯

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

☯

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# દ્રષ્ટિનો ફેર

**તંત્રી સ્થાનેથી**

'કૃષ્ણ મારી દ્રષ્ટિએ' શ્રી હરીન્દ્ર દવે દ્વારા લખાયેલ આ પુસ્તકનું નામ લેખકે બહુ જ સુચક આપ્યું છે. મારી દ્રષ્ટિએ જોવાયેલ કૃષ્ણ. દરેક માણસ ને કૃષ્ણ માં વિવિધ રૂપ દેખાય છે. કોકને કૃષ્ણમાં નટખટ બાળક દેખાય છે, તો કોકને ગીતાનો બોધ આપનાર ગુરુ, કોકને એક અઠંગ રાજકારણી દેખાય, તો કોકને બાંસુરી વગાડી ગાયો ચરાવતાં ગોપીઓ સાથે રાસ રમતાં પ્રેમમુર્તિ સખા. જો કે કૃષ્ણ તો અવતાર હતા માનવ જીવનના દરેક પાસાં સમજાવતા, જીવનની દરેક પરિસ્થિતીમાં શું સાચું શું ખોટું એ સમજાવવા આવ્યા હતાં. એમણે બાળસહજ તોફાનો પણ કર્યા અને યોધ્ધા બનીને યુધ્ધ પણ કર્યાં. પ્રેમપૂર્વક જીવવાનું અને વખત આવે પરિસ્થિતિ સામે લડી લેવાનું શીખવવા આવ્યા હતાં.

આજે વાત 'માનવી મારી દ્રષ્ટિએ'ની કરવી છે. માનવ દ્રષ્ટિની કરવી છે. બહુ જ જુની અને સુચક વાર્તા દરેકે સાંભળી હશે. આંખે પાટા બાંધી હાથીને ઓળખવાની વાત. એક જણને પગ અડકીને થાંભલાનો અહેસાસ થયો. બીજાને કાન અડકીને સુપડાંનો, તો વળી ત્રીજાને પુંછડી અડકીને દોરડીનો અને ચોથાને સુંઢ પકડીને હોસ પાઈપનો. એક પ્રાણીને જો આપણે અલગ અલગ એંગલેથી જોઈને અલગ અલગ રીતે મુલવી શકતાં હોઈએ તો માનવીનું શું? માનવજીવનનું શું? સામાન્ય રીતે આપણે

કોઈપણ માણસને જોઈને, એકાદ અનુભવ ઉપરથી નામ આપી દઈએ જબરો, કાફર, લુચ્ચો, કંજુસ, અતડો, મુંજી, લહેરીલાલા વગેરે વગેરે અને પછી એજ રીતે એને મુલવીએ. બીજાને પણ એ રીતે ઓળખાવીએ.

ઘરમાં ત્રણ ગાડી હોવા છતાં પ્રવીણ દુકાને ચાલીને જાય છે. બસની લાઈનમાં ઉભો રહે છે, કોઈની સાથે હળવા ભળવાનું નહી, સમાજમાં આવવા જવાનું નહી. અંજુની સાસુ બહુ જબરી છે. વહુને એક મિનિટ બેસવા નથી દેતી. ઘરમાં આટલી તકલીફ છે, પણ છે ફીકર રમેશને ? લહેરીલાલ થઈને ફરતો હોય છે. આવા કેટલાંય સ્ટેટમેન્ટ આપણે આપણી આજુ બાજુના લોકો માટે રોજ કરતાં હોઈએ છીએ કારણ કે આપણી દ્રષ્ટિ સામેવાળાની ફક્ત એક જ બાજુ જુએ છે. પ્રવીણ દુકાને ચાલીને જાય છે કારણ કે એને તબિયત માટે જરૂરી લાગે છે અને વચ્ચે મળતાં લોકોને જોવાનું જાણવાનું ગમે છે અને એના સંઘર્ષભર્યા જીવનની યાદો વાગોળવી ગમે છે. ઘરની ગાડી સગવડ માટે વાપરવી છે પણ સ્ટેટસમાં બંધાવું એને નથી ગમતું, અને ચાલીને જવા કે બસમાં જવાથી કંજુસ કહેવાઈ એની એને ફીકર નથી કારણ કે લાખો રૂપિયાનું ગુપ્તદાન કરતાં એને લોકોની દ્રષ્ટિની પડી નથી. રાકેશને પોતાના અંગત મિત્રો કે અંગત સગાસંબંધીની સાથે ગમે છે. ટોળામાં ફક્ત હા હી હી કરતાં અને કહેવાતા મિત્રો કે સગાઓ સાથે એને મળવાનું નથી ગમતું. સમાજમાં કેમ છો ? સારું છે ની ફોર્માલીટી એને નથી ફાવતી. અંજુની સાસુ અંજુના છોકરાને સંભાળીને એને બહાર જતાં, નવું શીખવા, જીવનમાં આગળ વધવા પ્રેરણા આપે છે. પોતે બાળકની તેમજ ઘરની જવાબદારી સંભાળે છે છતાં જબરા કહેવાતા હોય તો એમને વાંધો નથી. બંધબારણે તકલીફોને માટે આંસુ વહાવી ધંધાના નુકશાનને અને જુવાન છોકરાના મોતને ભુલાવી લોકોની સામે હસતાં હસતાં જીવે છે એમાં રમેશને લહેરીલાલ કહેતાં લોકોને શું કહેવું.

જુદા જુદા લોકો એક જ વસ્તુને અલગ અલગ રીતે જોતાં હોય છે. કોકને ગ્લાસ અડધો ખાલી લાગે કોકને અડધો ભરેલો લાગે. ગ્લાસ એજ અડધો છે. પુરુષ એક જ છે છતાં માની દ્રષ્ટિ એને છોકરાં તરીકે મુલવે છે અને પત્ની એને પતિની દ્રષ્ટિએ એમાંજ બીચારો પુરુષ ખેંચાઈ જાય છે. સ્ત્રીનું પણ એવું જ, બાળકોની માતા, પતિની પત્ની અને સાસુની વહુ. જીવનની વિવિધ પરિસ્થિતીમાં પણ લોકોની વિચારવાની રીતો અલગ અલગ હોય છે. કોક લોકો મુશ્કેલીથી ડરીને પાછા પડી જાય છે અને પોતાના નસીબને કોસે છે. જ્યારે બીજા એ જ મુશ્કેલીનો સામનો કરી વિજયી બને છે અને નસીબદાર નીવડે છે. કેટલાંક લોકો અચાનક આવી પડેલ હૃદયરોગના હુમલાને ચેતવણી સમજીને સાચવીને વધુ આનંદ અને ઉત્સાહપુર્વક જીવે છે અને કેટલાંક ‘હવે તો હું કાચનું વાસણ’ કરીને જીવવાનો બધો આનંદ ગુમાવી બેસે છે. ધર્મની બાબતમાં પણ કેટલાંક લોકો ચુસ્ત રીતે એક જ ધર્મને વળગીને બેસી રહે છે. જ્યારે કેટલાક જગતના બને એટલાં ધર્મો, સંસ્કૃતિનો અભ્યાસ કરીને દરેકમાંથી કંઈકને કંઈક મેળવે છે. ઘણા લોકો

જીવનની એક જ ઘરેડમાં જીવે છે. એમને જીવનના અંત સુધી એક જ સલામત જીવનની અપેક્ષા હોય છે તો ઘણા જીવનમાં સતત પરિવર્તન ઈચ્છે છે. કેટલાંક વર્ષોથી ચાલી આવતી પરંપરાઓ રીતરીવાજો, સમાજીક નિયમો કે મંડળોના પ્રોટોકોલને પકડી રાખે છે. જ્યારે કેટલાંક આ બધામાં જમાનાને અનુરૂપ ફેરફારો કરે છે અને કરાવે છે. જે કાલે સાચું હતું એ જ આજે પણ સાચું જ હોય એવું માનવાને કોઈ કારણ નથી. આ પૃથ્વી ઉપર સનાતન ફક્ત ઈશ્વર છે. બાકી કુદરત પણ બદલાતી રહે છે તો માનવીનું શું ગજું ? પણ કેટલાંક માનવી પરિવર્તનથી ગભરાય છે. ઘોડાને જે રીતે આંખે કવર રાખીને ફક્ત એક દિશામાં જોવાની ફરજ પાડીએ છીએ એમ કેટલાંક મનુષ્ય જાતે જ આવા પાટા પહેરી લે છે અને એક જ દિશામાં વિચાર કરે છે. હા સફળ મનુષ્ય અને નિષ્ફળ મનુષ્યની એક જ પરિસ્થિતીને જોવાની દ્રષ્ટિ અલગ અલગ હોઈ શકે પણ બંન્ને પરિસ્થિતીમાં બંન્ને જણાને શોધવાની તક મળે જ છે. જોકે ઘણા સફળ મનુષ્ય પોતાની જાતને એટલાં મહાન સમજવા લાગે છે કે બીજા મનુષ્ય તેઓને તુચ્છ લાગવા માંડે છે. આટલી ઉંચાઈ પણ સારી નહી કારણ કે પર્વતની ટોચ ઉપર હંમેશા માનવી એકલો જ હોય છે.

માનવીને જરૂર છે દરેક પરિસ્થિતીને બીજાની દ્રષ્ટિએ મુલવવાની. દરેક એંગલથી એને જોઈને સમજવાની. ખુલ્લા મનથી વિચાર કરવાની, દરેક બાબતમાં પોઝીટીવ થીંકીંગની અને આ માટે જરૂરી છે ખુબ વાંચવાની અથવા ખુબ ફરવાની અને વિચારવાની. પુસ્તકો આપણને ઘેર બેઠાં દેશ વિદેશની સફર કરાવે છે. દુનિયાના વિવિધ માણસો, એના રીતરીવાજોની, એની સંસ્કૃતિ, એમના સમાજની, એમના ધર્મની વિવિધ વાતો આપણને સમજાવે છે. આપણી સંસ્કૃતિ, સમાજ અને ધર્મ સારો જ છે કે ખરાબ જ છે એ ગ્રંથિ કાઢીને ખુલ્લા મનથી દરેકનો અભ્યાસ કરીએ તો શીખવા જેટલી કેટલીયે બાબતો મળી રહે. આપણા વિચારોને નવી દીશા મળે અને નવી ઉંચાઈ મળે. બાકી જન્મ સમયે આવનારા મૃત્યુનો વિચાર કરીને દુઃખી થનાર પણ છે અને મૃત્યુને નવા જીવનની શક્યતારૂપે જોતાં મનુષ્યો પણ છે. માનવી એ જ છે ફક્ત એને જોવાની દ્રષ્ટિ બદલવાની જરૂર છે.

**–નિખિલ પરીખ**

# Who is Richest Man in the world?

આ પ્રશ્ન મન વિચારે અને જવાબ પણ એજ મન આપે. દરેકની દૃષ્ટિએ જુદી જ વિચારણા હોય, પરંતુ મારું મન કહે છે કે જે માતાપિતાની તન, મન અને ધનથી સેવા કરે એ રીચેસ્ટ મેન કહી શકાય. જેના થકી આપણે અંકુરિત થઈએ, આકારિત થઈએ. જીવન આપણું પાંગરે, એજ માતાપિતાની સેવા કરવી એ મહા તપનું કાર્ય છે. 'જીવન ધન તપસુ તેજે' આ તપથી પ્રભુજી રીઝે, પરંતુ પ્રભુજી પણ આપણા પૂરક, પ્રેરક, સૂચક અને તારક છે. સાંચા અર્થમાં પ્રભુજી જ આપણા માતાપિતા છે. કંઈક કવિના ભાષ્યમાં ગવાય છે કે સઘળા સંબંધોનો સરવાળો એટલે જ પ્રભુજી. જન્મ આપનાર માતાપિતા લૌકિક કહેવાય પરંતુ ઈશ્વર તો અલૌકિક અને એનો સંબંધ એટલે જન્મ જન્માંતર ફલિત થઈ જાય. પ્રથમ તો લૌકિક જીવન આપનારા માતાપિતાની સેવાથી પ્રભુજી અવશ્ય રીઝે. યુનિવર્સનો માલિક એ પણ આપણો પિતા જ છે અની સેવા કઈ રીતે કરશો. મનસા, વાચા, કર્મણાથી સેવા કરી રિઝાવશું.

પ્રભુજી વિરાટ, છલકતો કુબેરો, નાનામાં નાની જરુરત તે પૂરતો આપણી. જેમ માતાપિતા જીવ તોડી બાળકોને મોટા કરે છે. તેજ રીતે પ્રભુજી આપણને સાંચવે છે. એનો માપદંડ કેમ કરીને નીકળે, હા તે તેના તરાજુમાં આપણા કર્મના કાટલાં મૂકી તોલ જરુરથી કરે છે. કૃપણતા તોલીને તેની, જીવને તેવી યોનીમાં જ મૂકે છે. માતાપિતા પણ બાળકોની ભૂલને ધોલ ધપાટથી નવાજે છે. ક્યારેક પરંતુ માતાપિતાના પ્રેમની તુલના શે થાય ? અને એટલે જ તેમની સેવા એ સર્વ શ્રેષ્ઠ, અતિ ઉત્તમ કહેવાય છે.


પ્રાશ્ચાત અનુકરણથી ફાધર્સ ડે, મધર્સ ડે, ફ્રેન્ડશીપ ડે, વેલન્ટાઈન ડે, ટીચરર્સ ડે, વગેરે થાય ત્યારથી માતાપિતાથી જુદા રહેતાં થઈ જાય છે. જ્યારે પૂરબની કોઈ અજુગતું નહી લાગે, સ્વતંત્રતા સૌને વ્હાલી છે. પરંતુ ઘઢપણ એ એક સમસ્યા છે ? 'ઘડપણ કેણે મોકલ્યુ' 'ઉંમરા તો ડુંગરા થયા' પૈસેથી ઘડપણ નિવારી શકાતું નથી. દિકરા દૂર દેશ વસે, રૂપિયાનો ઢગલો વાળે, પણ ઘરડાં અશક્ત શરીરને, સહારાની, હુંફની જરુરત હોય છે. પહેલાં દીકરા તરફ મીટ મંડાઈ રહે છે. નોકરોના ભરોસે ઘડપણ વાગોળવું અઘરું થઈ પડે છે. સદ્ભાગીના નસીબે જ માતાપિતાની સેવા લખાયેલી હોય છે. આપણા લેખનું ટાઈટલ 'હું ઈસ રીચેસ્ટ મેન ઈન ધ વર્લ્ડ' કુંપળિયા પરિપકવ પાનને જોઈ હસે છે. ત્યારે તેનો જવાબ 'મુજ વિતી તુજ વિતશે...' એક દિન તારો પણ આજ રીતનો વારો આવશે. માતા પિતાનો હાયકારો તમારા જીવનને હચમચાવી દેશે. જુવાનીનો જોશ અને ધનની છોળો, એ એમની જાતને રીચેસ્ટ મને માને છે. પરંતુ એમના માનવાથી શું ? જ્યાં માતાપિતાની અમી નજર નથી, આશીર્વાદનો વરસતો સ્નેહ નથી. એ તો 'પુવર' મેનથી પણ ગયો ગુર્જયો છે.

'જેમની જન્મભૂમિ, સ્વર્ગાદ્અપિ ગરિયસી' 'આ કથનને' 'વિશ્વાસ મુજ શ્વાસ' સાથે અપનાવો. કોઈ વિધવા માને પોતાની દાગીના વેંચી નોકરો બાઈઓના પગાર ચુકવવા પડે, લવ કુશ જેવા દીકરાઓ હયાત હોય, એ દીકરાનો પૈસાનો ફુવારો, ધુળ સમાન બની રહે છે. દીકરો આવે તો પેંડા વેંચાય, દીકરીની મા કદી વિધવા ન કહેવાય ? એને શું કહેશો ? ઘરડી માને દીકરા વિના ઝુરતી જોશો તો ? એક વહુ હોય એને પોતાનો

દીકરો જોઈએ છે, પરંતુ ઘરડી માને જ્યારે દીકરો 'લાકડી' બને ત્યારે માને દીકરા વિના ઘડપણમાં ઝુરતી જોવાય કેમ ? પ્રભુ જો આપણી તરફ અમી દૃષ્ટિ ન રાખે તો આપણી હાલાંત પરિસ્થિતિ કફોડી બની રહે, ત્યારે આપણને દુઃખ લાગે છે, પણ એ તો આપણા કર્મના કાટલાંનો તોલ છે. દીકરા દોહલાં માંગે અને એ દિકરા જો ઘડપણની કાઠી ન બને તો ? માતાપિતાની આંતરડી કકળે ત્યારે તમારા જીવતરને લે ડૂબે છે. માટે જ મારી દૃષ્ટિએ રીચેસ્ટ મેનની તુલના કરવાની ન હોય. જે માતાપિતાની સેવા કરે એજ રીચેસ્ટ મેન કહેવાય.

આજ રીતીએ પ્રભુજીની સેવા, તનથી, મનથી, કર્મથી યા પૈસેથી કરે તે જ સાંચો ભક્ત, રીચેસ્ટ મેન કહેવાય. જો તમારે ત્યાં કોઈ ધનાડય પધાર્યા હોય તો તમે તેની સેવા ખમ્મા ખમ્માથી કરશો. તો પ્રભુજી તો આખા યુનિવર્સનો માલિક, ઘરડાં, લૂલા પંગુ, અંધ, જનોની સેવા એજ સાંચી સેવા છે. પ્રભુજીને રીઝાવવા, આત્મા સો પરમાત્મા, અને દેશની સેવા અને માતાપિતાની સેવા, તો તમારું નામ પ્રભુજીની કિતાબોમાં રીચેસ્ટ મેન ઈન ધ વર્લ્ડ માં જરુરથી ગણાશે.

**ચક્ષુદાન કરેલ છે**



**અરવિંદ ઓચ્છવલાલ મોદી (કારકુન)**

**(ઉમંર ૭૧)**

એક શિક્ષક વિદ્યાર્થીના પેપર તપાસી માકર્સ મૂકે છે. એજ રીતે પ્રભુજીને પણ કર્મના કાટલે સર્વેને તોલવા પડે છે. રીઝલ્ટ પ્રમાણે કર્માનુસાર યોનિ આપવી પડે છે. ક્યારેક તમે સુવ્વરને જોશો તો વિચારજો કે તેને આ યોનિ કઈ રીતે પ્રાપ્ત થઈ હશે ? આમ રીચેસ્ટ મેન બનવામાં તમારું કર્મ તમારા માતાપિતાના ચરણોમાં સમર્પિત કરો એજ અભ્યર્થના. મસ્તીકમાં મોટો એવો બુદ્ધિનો પિંડો મૂક્યો છે. જે માનવ જીવનની અમુલ્ય દેન છે. અને After all 'સબ દેણગી ગોપાલકી' આજ દિને સુધી આપ સર્વે માતાપિતા બની ચૂક્યા હશો ? આપના સૌ બાલ ગોપાલને પ્રથમ જીવનનો પાઠ શીખવાડી શકો એ માટે માતાપિતા લૌકિક યા અલૌકિકની સેવાના સોપાન આદરી દો, કેડી આપની સામે જ છે.

**– ઉષા એસ. ધારીઆ**

# મારી રોજનીશીનું એક પાનું...

ઘણીવાર એકલો બેઠો હોઉ ત્યારે મને થાય કે હવે મારું શેષ જીવન વૃધ્ધાવસ્થામાં કેવી રીતે વીતશે ? કયા ધ્યેના આધારે ? રચનાત્મક પ્રવૃત્તિનો કોઈ નકશો આંખ સામે જણાતો નથી કે ન કોઈ નિશ્ચિત કાર્યની રૂપરેખા. પછી દિવસો ને જો લાંબુ આયુષ્ય હોય તો વર્ષો કેમ કરીને નીકળશે ? હા, જીવનમાં સદ્વાચન ને લેખન પ્રવૃત્તિ અવશ્ય છે પણ તે કેટલી ચાલશે ? અને તે છેક સુધી સાથ આપી શકશે ? જો કે આવી મુંઝવણ મારી જેમ ઘણાં ઉમર લાયકને સતાવતી હશે, પરંતુ અન્ય જીવ એક યા બીજી રીતે જોડે સાથીદારો હોય તો તેની સંગતમાં અલકમલકની મસ્તીથી કે પોતાનું જીવન વેડફવાની કોઈ પધ્ધતિને અપનાવી જીવાદોરી ટૂંકી કરતા હોય છે. પણ મારા જેવા એકલવીરને જે સામાજિક પ્રવૃત્તિને સમય પસાર કરવાનું એક માત્ર સાધન સમજતો ના હોય ને સામી તરફ ધ્યાન-ક્રિયામાં ભક્તિ રંગે હજી પૂરો રંગાયો ના હોય તેવા અધકચરા માનસ સાથે 'દુર્લભં મનુષ્ય-જીવનમ્' એમ સમજતો હોવા છતાં પણ ક્યારેક વિમાસણ અનુભવતો થઈ જાય છે. આટલું વાંચન ને પૂરતો સંત-સમાગમ, સારા કુટુંબનો ને ઉત્તમ મિત્રોનો સહવાસ મળ્યા બાદ અને સતત સદ્-પ્રવૃત્તિ તરફ મનને રાખવા છતાં જ્યારે આવી હતાશા મનનો કબ્જો લઈ લેતી હોય ત્યારે એમ થાય કે સામાન્ય જીવની હાલત જો તે ધ્યેયલક્ષી હોય અને પૂરી જાગ્રતી સાથે જીવતો હોય તો કેવી કફોડી થતી હશે ? પણ પછી મારી ઈશ્વર-શ્રધ્ધા અને વિશ્વાસ વહારે આવતા દેખાય છે. આપણાને તે જીવાડવા માગે છે તો તે શું યોગ્ય રાહ નહીં બતાવે ? અને પછી તેની પ્રતિતી નવા દિવસના ઉગવા સાથે તે કરાવતો રહે છે. જાણે સારા દિવસનો કાર્યક્રમ તે મારી સમક્ષ મૂકી દેતો ના હોય ! આગલી રાત્રે બીજા દિનનું કોઈ ચિત્ર નજર સમક્ષ ના હોય પણ પ્રાતઃકાળમાં જ તે દિવસભરની રૂપરેખા આપી મને નિશ્ચિંત કરી દેતો હોય છે. કેવી લીલા કરી તે મારી મૂંઝવણ દૂર કરે છે ! અને મારામાં શેષ જીવન જીવવાની નવી ધગશ, અદમ્ય ઉત્સાહ પ્રેરી દે છે.

હમણાં મારી પંચોતેરમી વર્ષગાંઠ ગઈ. વૈદિક સંસ્કૃતિ મુજબ જીવનના ત્રણ તબક્કા પૂરા થયા. હવે ચોથામાં પ્રવેશતી વેળા-સંન્યાસાશ્રમ-શેષ જીવન કેમ જીવવું તે વિચાર મનમાં આવ્યો. અરણ્યમાં જઈ વૈરાગી જીવનનો અનુભવ કરવાનો આજના યુગમાં પ્રશ્ન ના રહેવાથી બીજો વિકલ્પ વિચારાવનો આવ્યો. આજસુધી આપણે જાત માટે અને પોતાના અંગત સ્વજનો ખાતર તેમની સુખાકારી કાજે જીવતા હતા. હવે વ્યાપક બનવાની વિસ્તારવાની ઘડી આવી છે. તો તે રાહે કેમ ના જીવવું ? પ્રશ્ન અહીં તે આવ્યો કે વ્યવહારમાં આ વિચાર કેવી રીતે અમલમાં મૂકવો ? રચનાત્મક કામમાં જાતને ક્યારેય જોતરી નહોતી કે ન કોઈ સેવાકાર્ય હાથ ધર્યું. તો પ્રારંભ કેવી રીતે કરવો. એ યક્ષ પ્રશ્ન સામે આવીને ઉભો. પણ જ્યારે સદ્ભાવનો અને સદ્કાર્યનો વિચાર મનમાં ધોળાતો હોય ત્યારે ઈશ્વર અચૂક સહારે આવતો હોય છે. તેમાંયે સામે ચાલીને કામ કરવાની વૃત્તિ ના હોય ત્યારે તે સહજ ઘટના ઉભી કરી દે છે. વડોદરાના મુકામે એકવાર સવારે ચહા-નાસ્તો કરવા બેઠો ત્યારે ઘરમાં અન્ય કોઈ ના હોઈ બીજાના સાથની હૂંફની જરુર જણાઈ. એવામાં અમારા રસ્તાને સાફ કરવા હરિ ઝાડુવાળાની પત્ની સંધ્યા ત્યાંથી પસાર થઈ. મે તેને સહજ પૂછ્યું, સંધ્યા, મને એકલા નાસ્તા-પાણીની આદત નથી, તું મને સાથ ના આપી શકે ? ઉમરે મારાથી ચાલીસેક વર્ષ નાની હશે, એટલે પૌત્રી જેવી ગણાય. મારા આ પ્રસ્તાવથી તે જરા સંકોચાઈ. આપણા જેવા ઘરોમાં કોઈ હરિજન બાળાને સાથે નાસ્તા-પાણી માટે

બોલાવીને તે સમાજની ચાલુ પ્રણાલિકાથી વિપરિત તો ગણાય. પણ મનમાં થયું કે દરેકમાં જો એક જ ઈશ્વરનો અંશ હોય તો વ્યવહારમાં પણ ભેદભાવ શા માટે રાખવો ? સાહજિક રીતે ભેદભાવ વિના કેમ ના વર્તવું ? મારાં મોટાભાઈ તેમની વર્ષગાંઠે એક હરિજન પરિવારને સદા જમવા નોતરતા. તે યાદ આવ્યું અને આપણે તે પંથે ડગ માડયા. છોભીલી તે અવશ્ય પડી કારણ આ રીતનો પ્રેમ કે આવકાર તેને કોઈએ આપ્યો ન હતો. પણ મારી નિખાલસતા ને સહજતાનો તેને સ્પર્શ થયો અને અમે તે પ્રભાતે સાથે ચહા-પાણી પીધાં. પછી તો રોજ સવારે તેને જોવું એટલે નાસ્તા-પાણી માટે જણાવું અને તે 'આ દાદાની દીકરીને નાતે' ચોક્કસ આવે. પરિચય જેમ વધતો ગયો તેમ તેના જીવનમાં ડોકિયું કરવાની તક સાધી લીધી અને જ્યાં સહકારનો હાથ લંબાવાય ત્યાં તે પણ ના ચૂક્યો. આમ તેની મારફતે એક નવા પરિવાર સાથે સબંધ બંધાયો, જેને મને વ્યાપક બનવાની તક આપી. આ જ રીતે મારે ત્યાં કામ કરતી એક ગરીબ મરાઠી દીકરી લીલાના પરિવાર સાથે નાતો વિસ્તાર્યો. બીજાના પરિવારોમાં આમ પ્રવેશવાથી તેમના સુખ ને દુઃખનો ખ્યાલ આવ્યો અને શક્ય તેટલી સહાય કરવાનો મોકો મળ્યો. આ સાથે ગરીબ ઘરની દીકરીઓના અભ્યાસનો પ્રશ્ન આવ્યો તો તેમાં પ્રભુની કૃપાથી યત્કિંચિત ફાળો આપ્યો. એકવાર પ્રેમની જડીબુટ્ટી આ રીતે હાથ લાગે પછી તેનો ઉપયોગ વિવેકપૂર્વક કેમ કરવો તે ઈશ્વર સૂઝાડતો ગયો અને તેનું નિમિત્ત બનવાનો લાભ મળ્યો. હવે વાર્ધક્યનો પ્રશ્ન ના રહેતા જીવન પ્રસન્નતાથી પસાર થવા લાગ્યું. વિધાયક દ્રષ્ટિકોણ સાથે પ્રેમ-મૈત્રીની ભાવના આપણામાં જીવંત હોય તો આગળના ડગ માંડવાની સૂઝ ઈશ્વર જ આપતો હોય છે. એ જાત અનુભવ છે.

હવે મૂળ વાત પર આવું. સવારે જાગ્યો અને મને નરસિંહનું પેલું પદ યાદ આવ્યું. 'અખંડ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી, જૂજવે રૂપે અનંત ભાસે.' પછી થયું કે આ 'જૂજવે'નો અહીં શો અર્થ ઘટાવ્યો હશે ? ગુજરાતી જોડણીકોશનો આધાર લીધો અને તેના પર થોડુંક મનન કર્યું ત્યારે સમજાયું કે જુદા જુદા રૂપે પ્રગટ થઈ તેના અનંતરૂપમાં આપણને અટવાવી તેના એકત્વને આપણાથી ઢાંકી દે છે અને તેથી તેનો મર્મી, તેનો જાણકાર નરસિંહ ફોડ પાડે છે કે અંતે તો હેમનું હેમ હોય.. ' આવા ઉઘાડથી અંદર આનંદની લહેરકી પ્રસરી ગઈ.

છેલ્લા કેટલાંક દિવસોથી અમારા ઘરમાં ત્રણ પેઢીના પુરુષો વચ્ચે કાલ માકર્સ ને ફ્રોઈડ, એરિક ફ્રોમ ને હ્યુ પ્રાથર, મહાત્મા થોરો ને ઈમર્સન જેવા પશ્ચિમના જગતના તત્વચિંતકોની ચર્ચા ચાલે છે. તેમાં ચિ. ફાલ્ગુન પૂર્વની સંસ્કૃતિની ગાથા ગાયા કરે છે અને અમે દાદા-પૌત્ર અહીંના ચિંતકોના વિચારો અને તેમની મૌલિકતા પર વિશેષ ભાર મૂકતા હોઈએ છીએ. આજે કાર્લ માકર્સને ઈતિહાસના ઘડવૈયા તરીકે રજૂ કરી તેના પ્રદાન અંગે અમારી ચર્ચા ચાલી. જે કાળમાં રશિયનો બેકારી, ભૂખમરો ને કારમી ગરીબાઈ અનુભવતા હતા ત્યારે કાર્લ માકર્સના 'દાસ કેપીટલે' ત્યાંના શાસનકર્તાઓને લેનીનની દોરવણી હેઠળ સામ્યવાદનો વિચાર આપી રશિયાની સિકલ બદલી નાખી. સારાએ મજૂર વર્ગને એક કરી દેશમાંથી ઊંચનીચનો ભેદ દૂર કરી લોકોની રોજી-રોટીનો પ્રશ્ન હલ કરવા તેમણે જબરદસ્ત ક્રાંતિ આણી અને જે લેખકે જીવનભર રશિયા કે ચીનને જોયાં સુધ્ધાં નહોતા કે જેનો સ્વપ્નમાં ખ્યાલ પણ નહોતો તે પૂર્વના દેશોમાં તેના વિચારો ને તેના અમલે આમૂલ પરિવર્તન આણ્યું. કારમી ગરીબાઈને ચોપાસથી દેશવટો ભોગવતા આ ધૂરંધરે પોતાના પરિવારના મરણોને ધ્યાનમાં લીધા વિના પોતાના

વિચારોને પકડી રાખ્યા ને તે ખાતર ફના થવા તૈયાર થયો. ગજબની આંતરિક શક્તિ આ મહાત્મામાં હશે નહિ ? બાકી કાચા પોચા તો અધવચ્ચેથી જ પાલાયન થઈ જાય. બાકીનો સારો દિવસ બે લેખો તૈયાર કરવામાં ને ઘરકામમાં નીકળી ગયો. સાંજે દીકરીના ઘરે એક કલાક માટે જવાનું થયું. વિચારોની આપલે મુખ્ય રહી. ત્યાં ચિ. નિખિલનો તંત્રીલેખ 'જ્યોતિપુંજ'માં વાંચ્યો. તે હંમેશ આધુનિક જમાનાને અનૂકૂળ સામાજિક સુધારા પર લખતો હોય છે. ભાષા સરળ છતાં વિચાર સ્પષ્ટ હોઈ તે વાંચન યોગ્ય લાગે. આમ દિવસ આનંદમાં અને કામકાજમાં પૂરો થયો.

આપણી આંતર્-સૃષ્ટિને જોવા-માણવાની આ કળા હાથમાં આવી જાય તો રોજનીશી દ્વારા તેને અભિવ્યક્ત કરવાનો અનેરો આનંદ પ્રાપ્ત થાય. તમને તેમ નથી લાગતું ?

**- રજૂકર્તા : ભગેશ કડકિયા - (૭૩૨) ૪૨૨૬૭૧૨**


## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**શ્રીમતી તારાબહેન રતિલાલ પરીખ એડમિનિસ્ટ્રેટીવઓફીસ**

૧૧૮/૧૨૦ અરદેશર દાદીસ્ટ્રીટ, વી.પી.રોડ,
મુંબઈ : ૪૦૦૦૦૪, ફોન નં. ૨૩૮૮૭૦૦૬

**શ્રી મનોજભાઈ તથા**

**શ્રી અમરીષભાઈ કચેરીયા**

**કન્સેશનલ રેટ નોટબુક યોજના**

જે વિદ્યાર્થીઓએ નોટબુકો ન ખરીદી હોય તેઓએ વહેલી તકે આવીને મંડળમાંથી લઈ જવા વિનંતી. નોટબુકો હશે ત્યાં સુધી મળશે.

**મંત્રી – ભાવેશ મોદી**

**સંયોજક – જાસ્મીન શેઠ**


## શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ

## ગૌશાળાની ગાયો માટેની મીતી યોજના

બાલાસિનોર ફગવા ગૌશાળાની ગાયો માટે ઘાસચારા માટેની મીતીયોજનાને સુંદર પ્રતિસાદ મળ્યો છે. નીચે મુજબના દાતાઓએ ફાળો નોંધાવ્યો છે. આ યોજનાને હજી સારા પ્રતિસાદ મળે તેની રાહ જોવાઈ રહી છે. રૂા. ૭,૫૦૦/- મળ્યાની તથા નોધાવેલી નામની યાદી.

(૧) નટવરલાલ ચંદુલાલ મહેતા
(૨) લીલાબહેન પ્રવિણચંદ્ર કચેરીઆ
(૩) જયવંતીબહેન નીરંજન ગાંધી
(૪) સુધાબહેન પ્રવિણચંદ્ર શાહ (P.K.)
(૫) ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ
(૬) કીરીટ મોહનલાલ મોદી (ખાંડીવાલા)
(૭) સુવર્ણાબહેન પ્રદીપ મોદી

# રોગના મૂળ કલેશ

કુદરતે માનવીની શરીર રચના એવી કરી છે કે સામાન્ય સંજોગોમાં તે નીરોગી અવસ્થામા રહી શકે. આ અવસ્થા કે સ્થિતિને વિક્ષિપ્ત કરનારા જે કોઈ કારણો છે તેને કલેશ કહેવાય છે.

જ્યારે કલેશ વધુ પ્રમાણમાં નિર્માણ થાય છે. ત્યારે શરીર-મનની સંતુલિત સ્થિતિ જળવાતી નથી.

દુઃખ, દુર્બળતા, કંપન, શ્વાસોશ્વાસમાં અસંતુલન એ બધા વિક્ષેપ અવસ્થાના લક્ષણો છે. જેમાંથી રોગની સ્થિતિ નિર્માણ થાય છે. કલેશ પ્રભાવીત હોય ત્યારે શરીરમાં આંતરીક લડાઈ ચાલુ રહે છે જેની માહિતિ મજ્જાતંતુઓ દ્વારા મગજને પહોંચે છે. આ મજ્જા સંસ્થા દ્વારા શરીરના એ ભાગની રક્તવાહીનીઓ ફુલે છે જેથી લોહીનું પરીભ્રમણ વધે છે. અને લોહીનો પુરવઠો ત્યાં વધારે પહોંચે છે. જેમાં શ્વેત કણો વધે છે ને લાલકણો સંકોચાય છે. લોહી ત્યાં વધુ પ્રમાણમાં અને જલદીથી પહોંચે એ માટે હૃદયે વધુ ઝડપથી કામ કરવું પડે છે. આમ વધારાની શક્તિ કે ઉર્જા શરીરની ચયાપચયની ક્રીયામાં વધારો કરીને મેળવવામાં આવે છે વળી વધુ ઉર્જા મેળળવા લોહીમાં વધુ ગ્લુકોઝ કે સાકરની જરૂર અનુભવાય છે. તેથી લોહીમાં સાકરનું પ્રમાણ વધે છે શરીરની આચયાપચર્ય ક્રિયાને લીધે શરીરનો ઘસારો વધે છે. પરિણામે નાડીના ધબકારા વધે છે. શ્વાસોશ્વાસ ઝડપી બને છે. લોહીનું દબાણ વધે છે. આમ પ્રભાવીત કલેશ લાંબો સમય સુધી શરીરની આંતરીક વ્યવસ્થાને વિક્ષેપ કરે છે. જેમાંથી વ્યાધિ કે રોગ ઉદભવે છે. કલેશથી દુઃખ થાય છે. ક્રોધ ઈચ્છાનો અવરોધ થતા ઉત્પન્ન થાય છે. અથવા અહંમ Ego માંથી ઉત્પન થાય છે. ગીતામાં લખ્યું છે (અઃ૨ શ્લોક ૬૩) ક્રોધ સંમોહમાંથી ઉત્પન થાય છે. તેનાથી સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિ જતા બુધ્ધિનો નાશ થાય છે, બુધ્ધિનો નાશ થતા સર્વસ્વ નાશ થાય છે.

**લી. શૈલેષ કે. દેસાઈ**

---

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત
## ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલનું ગૌરવ
## ચરોતરનાં તેજસ્વી તારલાં

નગરની ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલનું પરિણામ ૮૪.૮૬ ટકા આવેલ છે. જ્યારે બાલાસિનોર કેન્દ્રનું પરિણામ ૮૫.૩૮ ટકા આવ્યું છે. શાળાનો વિદ્યાર્થી કેવીનકુમાર અરવિંદભાઈ પંચાલ ૫૦૦માંથી ૪૭૨ માર્કસ સાથે ૯૯.૯૨ ટકા પર્સન્ટાઈલ રેન્ક મેળવી બાલાસિનોર કેન્દ્ર અને શાળામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. જ્યારે ગૌરવકુમાર મહેન્દ્રભાઈ પ્રજાપતિ ૯૭.૩૧ ટકા અને જ્યોતી ભરતભાઈ દરજી ૯૭.૩૧ ટકા મેળવી બીજા ક્રમે રહ્યાં છે. શાળાના ૨૩ વિદ્યાર્થીઓ એ-૨ અને ૨૩ વિદ્યાર્થી બી-૧ ગ્રેડ સાથે ઉર્ત્તિણ થયા હતા.

**(દિવ્ય ભાસ્કરમાંથી સાભાર)**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ

ઓગસ્ટ મહિનાનો અંધેરી મરોલમાં આવેલ કોકિલાબહેન અંબાણી હોસ્પિટલની Visit અને Specialist Doctor સાથેના વાર્તાલાપનો રાખવાનો વિચાર છે. જેની વિગતો હવે પછીના જ્યોતિપુંજમાં આપવામાં આવશે.

સપ્ટેમ્બર મહિનાનો કાર્યક્રમ ૧૨મી સપ્ટેમ્બરે પૂજ્ય પાદ ૧૦૮ શ્રી કાલિંદીબેટીજી આપણને દાનલીલા અને સાંજીનો ભાવાર્થ સમજાવશે. સાથે સાંજીની હરીફાઈ પણ રાખવામાં આવી છે. હરીફાઈમાં ભાગ લેનારના પાસના રૂા. ૩૦ તથા કાર્યક્રમમાં આવનાર બહેનોના પાસના રૂા. ૩૦ રાખવામાં આવ્યા છે. જેના પાસ તા. ૬-૯-૨૦૧૧ ૩ થી ૪ દરમ્યાન સંસ્થાની ઓફિસમાંથી અથવા કોઈપણ કમિટિ બહેનો પાસેથી મળી શકશે.

**સંયોજક – કુંજબાળા શાહ**

**મો. ૯૯૩૦૭૯૪૪૨૪**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

**Email balasinor. ragatisamaj gmail.com**

***PROGRAM & EVENT MANAGEMENT COMMITTEE 2010-2011:***

**CONVENER**

*1) Shri Pankaj Dharia*

**MEMBERS**

*2) Shri Ajay Kadakia*
*3) Shri Apurva Parikh*
*4) Shri Kartik Kadakia*
*5) Dr. Kirit Mody*
*6) Shri Nikhil Parikh*
*7) Shri Prafull Sheth*
8) Shri Rajnikant Kadakia *(Dhariwala)*
*9) Shri Samir Shah*
*10) Mrs. Shefali Bhasin*
*11) Shri Surendra Parikh*
*12) Ms.Tanvi Gandhi*
*13) Shri Vrajesh Desai*

***INVITEES***

**(OFFICE BEARERS)**

*14) Shri Pankaj Dharia,* **(President)**
*15) Shri Nitin Gandhi,* **(Vice President)**
*16) Shri Nimish Kadakia,* **(Hon. Secretary)**
*17) Shri Daxesh Kadakia,* **(Hon. Secretary)**
*18) Shri Rajendra Desai,* **(Hon. Treasurer)**
*19) Shri Paresh Parikh,* **(Hon.Treasurer)**

Friends,

**Dr.Shishir Pravinchandra Gandhi, t**he co-founder of Ashwini Medical Centre, Anand has consented to be the Chief Guest and Hon. Speaker on Sunday, August 28, 2011. **Dr. Gandhi** will enlighten us about the reasons for increase in coronary artery disease, which affects and attacks the younger age group.

We believe it will be interesting to learn **Dr.Shishir s** views in the present circumstances which leave behind a devastating trail of morbidity and mortality of the young in their prime and further results in families being broken, dismembered and devastated. **Dr. Gandhi** will speak about:

**Prevention o Heart Disease at Early Stage**

This is the **FOURTH c**onsecutive event sponsored by **Shri Jayesh Rajnikant Shah (Nagarsheth).** We are grateful to **Shri Jayesh** for his appreciation towards the efforts made by the **Program & Event Management.**

**Date and Venue**

**Sunday, August 28, 2011 at Senate Hall, Status Restaurant, Nariman Point, Mumbai 400021**

**PROGRAM HIGHLIGHTS**

08.45 to 09.15 a.m. : Registration and Tea/Coffee
09.15 to 09.25 a.m. : Welcome by President cum Convener

Contd.2.

Page 2

PROGRAM HIGHLIGHTS (continued )

09.25 to 09.45 a.m. : Introduction of and Address by Sponsor :
Shri Jayesh Rajnikant Shah (Nagarsheth)
09.45 to 10.45 a.m. : Introduction of & Address by Chief Guest :
Dr. Shishir Pravinchandra Gandhi
10.45 to 11.15 a.m. : Q & A Session
11.15 to 11.25 a.m. : Vote of Thanks
11.25 to 12.20 p.m. : Brunch

This Q & A session is going to be a memorable event. Please attend the seminar and learn from Dr. Shirish Gandhi so that all of us live healthy lives.

As we all know that the Brunch after the Seminar will as usual be a delicious affair at Status.

The Invitation Cards will be available at following addresses from 1st to 20th August 2011 on self contribution of Rs.150/- person.

1) Shree Balasinor Pragati Samaj.
45/49 Babu Genu Road,Off Kalbadevi Road, Mumbai.

2) M/s. Kadakia Enterprise
68/70 Nagdevi Street, 1st Floor, Mumbai 400003.

3) Shree Balasinor Medical Cetnre
Mehta House, 2nd Floor, Chowpatty, Mumbai 400007.

Please collect your invitation cards at the earliest as the Venue Hall can accommodate 250 GUESTS only. So to renew your vigor and refresh your senses, let us make it a point and gather again on SUNDAY, AUGUST 28, 2011.
Thanks & regards.

Pankaj Dharia
President : Shree Balasinor Pragati Samaj
Convener : Program & Event Management

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧ લી બેઠક તા. ૨૯.૬.૨૦૧૧ના રોજ બુધવારના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ નીચે આ મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

પ્રમુખશ્રીએ ૧૫મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રીએ ઉપપ્રમુખ માટે શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી, મંત્રી માટે શ્રી ભાવેશ બીપીન મોદી, સહમંત્રી માટે શ્રી જાસ્મીન બીપીન શેઠ તથા નીલેશ નવનીતલાલ શાહ, ખજાનચી માટે શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી અને તંત્રી માટે શ્રી નીખીલ બાબુલાલ પરીખના નામની જાહેરાત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી ટ્રસ્ટી માટે શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ, શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ, શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ અને શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈના નામની રજુઆત કરેલી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ વિવિધ પેટા સમિતિના સભ્યોના નામની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

કુલ ૯ સભ્યોની આજીવન સભ્ય અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી – શ્રી જાસ્મીન બીપીન શેઠ**
**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## ચુંટણી પરિણામ - વર્ષ ૨૦૧૧-૨૦૧૨

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ચુંટણી તા. ૨૬.૬.૨૦૧૧ના રોજ યોજવામાં આવી હતી

નિચે મુજબની યાદી મુજબ મતપત્રકો મતપેટીમાં નાખવામાં આવ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| બોરીવલી | - | ૧૪૨ | મત |
| કાંદીવલી | - | ૧૭૫ | મત |
| અંધેરી | - | ૫૬ | મત |
| મુંબઈ | - | ૬૪૫ | મત |
| **કુલ** | | **૧૦૧૮** | **મત** |

કુલ ૧૭ મત અમાન્ય કરવામાં આવ્યા હતા. કુલ ૧૦૦૧ મત પડયા હતા.

મળેલા મતોની સંખ્યાના આધારે નીચેના ચાર ઉમેદવારો ચુંટાઈને આવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ચીરાગ ચંદ્રકાન્ત પરીખ | ૬૯૧ | મત |
| ૨. | શ્રી ભાવેશ બીપીન મોદી | ૬૬૫ | મત |
| ૩. | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | ૬૩૭ | મત |
| ૪. | શ્રી જાસ્મીન બીપીન શેઠ | ૬૨૨ | મત |
| ૫. | શ્રી કિંજલ પંકજ પરીખ | ૫૩૫ | મત |
| ૬. | શ્રી મંજુલ શૈલેષ ધારીઆ | ૪૬૫ | મત |
| ૭. | શ્રી જગદીશ શાંતિલાલ પરીખ | ૩૮૯ | મત |
| | | **૪૦૦૪** | **મત** |

ઉપનગર વિભાગમાં ખાલી પડેલી ત્રણ બેઠકો માટે ૩ (ત્રણ) ઉમેદવારી પત્રકો માન્ય કરવામાં આવતા ઉપનગર વિભાગની ચુંટણી રહેતી નથી. તેઓ બીન હરીફ ચુંટાયેલ જાહેર કરવામાં આવે છે.

૧) શ્રી અજીત નટવરલાલ મોદી
૨) શ્રી ભરત કાન્તીલાલ પરીખ
૩) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ

**ચુંટણી અધ્યક્ષ**
**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## ૬૧મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

૬૧મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬. ૬. ૨૦૧૧ રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) ના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહ એ ગત ૬૦મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યું હતું. જેને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ પ્રાથમીક તથા ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવતા મુજબ તથા આંતરીક રમત-ગમતના ઈનામોનું વિતરણ કર્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી મંજુલ ધારીઆએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કાર્યનો અહેવાલ રજુ કર્યો હતો. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નિકેશ ગાંધીએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના અન્વેશિત હિસાબ રજુ કર્યો હતો અને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

વષ ૨૦૧૧-૨૦૧૨ માટે સંસ્થાના ઓડીટર તરીકે આઈ.ઓ.ધારીઆની નિમણુંક કરવામાં આવી હતી અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવી હતી. જેમાં તેમનું માનદ મહેનતાણુ નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

ચુંટણી અધ્યક્ષ શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી)એ તેમનો અહેવાલ રજુ કર્યો હતો. જેમાં શહેર વિભાગની ખાલી પડેલી ૪ બેઠકો માટે શ્રી ચીરાગ ચંદ્રકાન્ત પરીખ, શ્રી ભાવેશ બીપીન મોદી, શ્રી જાસ્મીન બીપીન શેઠ અને શ્રી સમીર જયેન્દ્ર ગાંધી તથા ઉપનગર ખાલી પડેલ ૩ બેઠકો માટે શ્રી અજીત નટવરલાલ મોદી, શ્રી ભરત કાન્તીલાલ પરીખ અને શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહને ચુંટાયેલ જાહેર કર્યા હતા અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. પ્રમુખશ્રી એ ચુંટણી અધ્યક્ષ શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (લટકારી)નો આભાર માન્યો હતો.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગેના વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા. જેના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા.

પ્રમુખશ્રી શ્રી પી.એમ.ધારીઆએ આટલા વર્ષો ઓડીટર તરીકે સેવા આપી એમનો આભાર માન્યો હતો.

અને પ્રમુખશ્રીએ હાજર રહેલા સભ્યોનો આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

**– મંત્રી – શ્રી મંજુલ શૈલેષ ધારીઆ**
**સહમંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ચુંટણી માટે જગ્યા આપવા બદલ આભાર માને છે.**

૧) શ્રી હિમાન્શુ હરીશભાઈ દેસાઈ (અંધેરી)
૨) શ્રી શ્રેયાન્સ હીરાભાઈ પરીખ (કાંદીવલી)
૩) શ્રી નિલેશ નવનીતલાલ શાહ (બોરીવલી)

## Shree Balasinor Navyuvak Sangh

## Managing Committee 2011 - 2012

| Sr. No | Name | Designation |
|---|---|---|
| 1. | Kalpesh Suresh Dharia | President |
| 2. | Saumil Jitendra Mody | Vice-President |
| 3. | Bhavesh Bipin Mody | Secretary |
| 4. | Jasmine Bipin Sheth | Joint-Secretary |
| 5. | Nilesh Navnitlal Shah | Joint Sectetary |
| 6. | Nikesh Jayendra Gandhi | Treasurer |
| 7. | Yogesh Ramniklal Dharia | Trustee |
| 8. | Rajendra Kirtanlal Desai | Trustee |
| 9. | Dakshesh Babulal Kadakia | Trustee |
| 10. | Vrajesh Navnitlal Desai | Trustee |
| 11. | Shailesh Natverlal Kadakia | Member |
| 12. | Jitendra Pravinchandra Parekh | Member |
| 13. | Kirti Hiralal Kadakia | Member |
| 14. | Sanjay Jayantilal Shah | Member |
| 15. | Samir Jayendra Gandhi | Member |
| 16. | Raju Mangaldas Parikh | Member |
| 17. | Sameer Pravinchandra Dharia | Member |
| 18. | Hemendra Ramanlal Shah | Member |
| 19. | Bharat Kantilal Parikh | Member |
| 20. | Ajay Pravinchandra Doshi | Member |
| 21. | Gopal Ramanlal Kadakia | Member |
| 22. | Nimish Babulal Gandhi | Member |
| 23. | Ajit Natvarlal Mody | Member |
| 24. | Dixit Kirtanlal PArikh | Member |
| 25. | Sunil Navinchandra Mody | Member |
| 26. | Chirag Chandrakant Parikh | Member |
| 27. | Deepak Navnitlal Shah | Co-opt. Member |
| 28. | Chandresh Pravinchandra Kadakia | Co-opt. Member |
| 29 | Daxesh Somala Parikh | Co-opt. Member |
| 30. | Kunjbala Hemendra Shah | Mahila Vibhag |
| 31. | Nikhil Babulal Parikh | Editor |

# બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પો યોજવામાં આવેલ.

**(૧) શ્રીમતી મંજુલાબેન અને શ્રી જયંતીલાલ લલ્લુભાઈ ધારીઆ (હેડ માસ્તર) - ઈ.એન.ટી. કેમ્પ**

તા. ૭-૬-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૦ દર્દીઓએ લાભ લીધેલ. જરૂરીયાતવાળઆ દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

**(૨) શ્રીમતી ચંદ્રીકાબેન શશીકાંત મણીલાલ ગાંધી - બાળરોગ નિદાન કેમ્પ :**

તા. ૮-૬-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૨ દર્દીઓએ ભાગ લીધેલ. તમામ દર્દીઓને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

**(૩) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ - ડાયાબિટીસ કેમ્પ :**

તા. ૧૨-૬-૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૭૫ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૫૧ દર્દીઓને તપાસીને તમામ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. તેમજ જરૂરીયાતવાળા દર્દીઓના ઈ.સી.જી. તથા પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. બધા મળીને રૂા. ૩૫૯૦૮/-ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓશ્રીના ડૉકટરોની ટીમે સેવાઓ આપેલ. મુંબઈથી મંત્રીશ્રી નિતીનભાઈ પરીખ તથા શ્રી રાજુભાઈ પરીખે સેવાઓ આપેલ.

**(૪) દાંતના રોગોનો પ્રથમ નિદાન કેમ્પ :**

આ કેમ્પ તા. ૧૪-૬-૧૧ના રોજ દાંતના રોગોનો પ્રથમ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૫ દર્દીઓએ ભાગ લીધેલ.

**(૫) કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી કેમ્પ :**

આ કેમ્પ તા. ૧૨-૬૧૧ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૯ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૬ દર્દીઓને હોસ્પિટલની ગાડીમાં વડોદરા મુકામે મોકલવામાં આવેલ. આ ૬ પૈકી ૫ દર્દીઓની એન્ડોસ્કોપી શ્રી ડૉ. ચિરાયુ ચોકસી દ્વારા ફ્રી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ મળેલા નોંધાયેલ દાન :**

(૧) શાંતીલાલ મોજીલાલ શાહ (ખડગોધરાવાળા) હસ્તે : કમળાબેન — રૂા. ૧ લાખ
(૨) કેતન નવનીતલાલ ધારીઆ (શહેરાવાળા) પુત્રીના લગ્ન પ્રસંગે — રૂા. ૧ લાખ
(૩) અતુલ મોહનલાલ મોદી (ખાંડીવાવવાળા) પુત્રીના લગ્ન પ્રસંગે — રૂા. ૫૧,૦૦૦/-

**વધુ મળેલ/નોંધાયેલ ઓપરેશન મીતી**

(૧) પદમાબેન મહેન્દ્રભાઈ પટેલ હસ્તે : મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ (જેઠોલી)

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

અમિતાભ બચ્ચન, આમિર ખાન, સચીન તેંડુલકર, એમ.એફ.હુસેન, ઐશ્વર્યા, માધુરી, કિશોકકુમાર, બિસમિલ્લાહ ખાન, બેકહામ, ધનરાજ પિલ્લે, વિશ્વનાથન આનંદ... જેવા અનેક ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઈ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે. તેવાં વાડસોલ સમાજનાં ભાવિ મહાનુભાવો ને નિમંત્રણ.

શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રુપલ પ્રદીપ કડકિયા

## TALENT APPRECIATION SCHEME

ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievements in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting Sports, Literature etc.) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય તેવી વ્યક્તિનું ચાલુ વર્ષે સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૧૧) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof/Supporting Information & Documents) તા. ૩૧-૮-૧૧ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા) - ૯૮૨૦૧૫૭૩૩૫ શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - ૯૮૨૧૦૩૭૬૪૭ શ્રી ચેતન મોદી (બંગડી) - ૯૯૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

## શૈક્ષણિક સહાય દાતાઓને અપીલ

આ વર્ષે પણ, શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લેતા રૂા. ૧૦,૦૦૦/-ના વાર્ષિક યુનીટની દાતાઓને અપીલ કરીએ છે. આ રૂા. ૧૦,૦૦૦/-ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવશે. આજ દિન સુધી મંડળને રૂા. ૧૦,૦૦૦/-ના એક એવા થોડાંક યુનીટ પ્રાપ્ત થયા છે આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ ટુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું. આ અંગે મંડળની કાર્યવાહક સમિતિના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

## અનુકરણીય દાન

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન દાતા શ્રી નવીનભાઈ ચુનીલાલ કડકીઆ (મલમ) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પુરા)નું દાન પ્રાપ્ત થયું છે.

મંડળ દાતાશ્રી નો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**શરદ નટવરલાલ દેસાઈ**

## બાલાસિનોર વિદ્યામંડળ
## અગત્યની જાહેરાત

સવિનય જણાવવાનું કે મંડળના જૈફ પ્રમુખશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) નું સોમવાર તા. ૧૬-૫-૨૦૧૧ના રોજ દુઃખદ અવસાન થવાથી વિદ્યામંડળના પ્રમુખશ્રીની જગ્યા ખાલી પડતાં તે માટે મંડળના ઉપપ્રમુખ શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખ (એડવોકેટ)ની નિમણુંક મંડળની તા. ૨૦-૫-૨૦૧૧ની કારોબારી સમિતિની સભામાં સર્વાનુમતે કરવામાં આવી.

ઉપપ્રમુખની ખાલી પડેલ જગ્યામાં મંડળના મંત્રી શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ દેસાઈની નિમણુંક મંત્રીશ્રીની ખાલી પડેલ જગ્યામાં શ્રીમતી તનવીબહેન ગૌરાંગભાઈ પરીખ (વોરા)ની નિમણુંક અને કારોબારીની ખાલી પડતી જગ્યામાં શ્રીનીતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી.

મુંબઈ ખાતે બેંકોની નાણાકિય લેવડ-દેવડ રોકાણ ખર્ચો કરવા તથા દાન સ્વીકારવાની સત્તા મુંબઈ ખાતેના નીચેના હોદેદારોને આપવામાં આવી.

પ્રમુખ : શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખ
ઉપપ્રમુખ : શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ દેસાઈ
મંત્રી : શ્રી ઉશનભાઈ નવીનચંદ્ર કચેરીયા
મંત્રી : શ્રીમતી તનવીબહેન ગૌરાંગભાઈ પરીખ

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મંડળની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા સૌ કોઈ સ્નેહીજનોને તેમનો સાથ અને સહકાર રાબેતા મુજબ આપવાની મંડળની કારોબારી સમિતિના સૌ સભ્યો આ સાથે વિનંતી કરે છે અને સૌને શુભેચ્છા પાઠવે છે. **લી. બાલાસિનોર વિદ્યામંડળ**
**કારોબારી સમિતિ વતી.**

**તા.ક.** મંડળની પ્રત્યક્ષ પ્રવૃતિઓ અગત્યના નિર્ણયો, શૈક્ષણિક અને હિસાબી સુઝમાં ત્વરિત માર્ગદર્શન આપવા બદલ મંડળની કારોબારી સમિતિના સભ્યો મુરબ્બી શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ ધારીઆ (C.A.) નો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે. અને તેમની સેવાનો ઋણ સ્વિકાર કરે છે.

## અધુરા છે !

**શ્રીજી થકી સંસાર ટકે,**
**તુજનું સ્થાન અનેરૂં છે!**
**શ્રીજી વિના અંધારૂ છે,**
**જેનું સ્થાન અનેરૂ છે !**
**તિમિરને તેજ સાથ સાથે છે,**
**એક બીજા વગર અધુરાં છે !**
**રાત'દિ સાથ સાથે છે,**
**દરેકનું સ્થાન અનેરૂ છે !**
**ભક્તિ, ભગવાન ધુપ છાવં છે,**
**બે હાથની એક તાળી છે !**
**જીવન, મૃત્યુ સાથ સાથે છે,**
**એક બીજા સંગાથે છે !**
**ના કોઈ જુદુ પાડી શકે,**
**સર્વે એકબીજા વગર 'અધુરા' છે !**
**'ચાંદશા' – ચંદ્રકાંત શાહ (ચટઈ)**

# ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઇ (દેડકી) પ્રાથમિક શાળા શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત તથા જેઠાલાલ વલ્લભદાસ દેસાઇ ઉચ્ચ પ્રાથમિક શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્વ

ઉપયુક્ત પ્રવેશોત્સવ તા. ૨૪-૬-૧૧ના દિને સવારે ૧૦ કલાકે જે.વી.દેસાઈ ઉચ્ચ પ્રાથમિક શાળાના પટાંગણમાં વિશાળ શમિયાણા હેઠળ ઉજવવામાં આવ્યો.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના ધો. ૬-૭ની બહેનો દ્વારા થી. સ્વાગત ગીત ધોરણ ૫ની વિદ્યાર્થીનીઓએ રજૂ કર્યું. મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. દીપ પ્રાગટય મંડળના પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈ, શાળા સમિતિ ચેરમેન શ્રી મણીકાન્ત કડકીઆ, મંત્રી શ્રી શાળા સમિતિ શ્રી રમણભાઈ પટેલ, સભ્ય શ્રી બાબુભાઈ પટેલ, આચાર્ય દીપકભાઈ પટેલ અને સુપરવાઈઝર હીરાભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

ઉપસ્થિત વિદ્યાર્થીઓ વાલીઓને આવકાર આપતા શ્રી દીપકભાઈએ મંડળ અને શાળાઓ અંગે આવશ્યક માહિતી પૂરી પાડી.

શરૂઆતમાં પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈએ ઠીક - ૧૦ કલાકે તીલક કરી બાળકોને શાળાના પટાંગણમાં પ્રવેશ કરાવ્યો. કાર્યક્રમ દરમ્યાન નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ મંડળ તરફથી આપવામાં આવી.

વિદ્યાર્થીઓમાંથી દીક્ષાબહેન બારોટે શિક્ષકો તરફથી રોનક ભાવસારે અને વાલીઓ તરફથી શ્રી ગૌરાંગ રાણાએ પ્રતિભાવ આપતાં મંડળની અને શાળાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

અભિનય ગીત રજૂ કર્યુ : ધોરણ ૩ની બાલિકાઓએ.

શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈએ પોતાના વકતવ્યમાં જણાવ્યું મંડળના પ્રયત્નોને લીધે આપણે ધો. ૧ થી ૪નું શિક્ષણ આપી શકયા છીએ. સરકારની નિતીની આલોચના કરતાં પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો. લોકશાળાથી મોડેલ શાળા બનાવીશું. પાયાગત શિક્ષણ અને તમામ સુવિધાઓ મળી છે. જિલ્લામાં પ્રથમ સ્થાન માટેના પ્રયત્નો છે. મંડળ વાર્ષિક રૂપીઆ એકલાખ પચાસ હજાર ખર્ચે છે. ચેરમેન શ્રી મણીકાન્ત કડકીઆએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે મંડળનું સ્વપ્ન હતું પ્રાથમિક શાળાનું પહેલા વર્ષે ૧૩૫ બીજા વર્ષે ૨૩૦ આજે વિદ્યાર્થી સંખ્યા ૧ થી ૪ની ૨૬૦ થઈ ગઈ છે. ૩૧/૮ સુધી પ્રવેશ આપવાનો હોવાથી ૨૮૦/૩૦૦ વિદ્યાર્થીઓનો અંદાજ છે.

સુપરવાઈઝર શ્રી હીરાભાઈએ લાગણી સભર શબ્દોમાં કહયું કે તમારા બાળકો અમારા જ છે. તમે નિશ્ચિંત રહેજો. શાળામાં એમના યોગક્ષેમ અને શિક્ષણની સંપૂર્ણ કાળજી લઈશું. આપ સૌનો સહકાર તેમ જ વાલીઓની ભાગીદારી આવકાર્ય છે.

પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈએ પ્રાથમિક શાળા માટે રૂપીઆ પચીસ લાખના ઉમદા દાનથી નવું મકાન બનાવી શક્યાનો ઉલ્લેખ કરતાં દેડકી પરિવારનો ખાસ આભાર માન્યો. મંડળ ન્યાસફંડો, ગરીબ વિદ્યાર્થીરાહત ફંડ, શિષ્યવૃત્તિ વગેરે દ્વારા જરૂરતમંદ અને હોંશિયાર વિદ્યાર્થીઓની પડખે ઉભું રહેવા કટિબધ્ધ છે. એમણે કહયું લક્ષ્મી ચંચળ છે. એ કદી એક જ જગાએ ટકતી નથી. પરંતુ સરસ્વતી વિદ્યાધન કામય આપણી સાથે જ રહે છે. મંડળના વિકાસમાં વાલીઓને પણ પોતાનો ફાળો પુરાવવા ખાસ અપીલ કરી હતી. આભારવિધિ ઉષાબહેન પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષાબહેન ત્રિવેદીએ કર્યુ.

અલ્પાહારને ન્યાય આપી કાર્યક્રમ સંપન્ન થયો. ત્યારબાદ ઉપસ્થિત વાલીઓ સાથે મંડળના હોદેદારોએ વિચાર-વિમર્શ કરતાં એમના પ્રશ્નોને સમજવાનો તથા મંડળ દ્વારા થતા કાર્યનો અને શિક્ષણ વિષયક જરુરિયાતોની માહિતી આપવાનો પ્રયત્ન કર્યો.

**જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ**
**મંત્રીઓ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **દિલીપ રસીકલાલ પરીખ (રાઠોડીયા)**
**ચક્ષુ દિલીપ પરીખ**
૧૧૦૩, મેરુ ટાવર, બેલાસીસ રોડ,
તારદેવ, મુંબઈ - ૪૦૦ ૦૩૪
મો : દિલીપ : ૯૮૨૦૧૮૦૨૮૦
ચક્ષુ : ૯૮૩૩૦૫૭૧૭૪

૨. **મનોજ નટવરલાલ ધારીઆ (કુણીવાલા)**
દેવી સ્મીથ હાઉસ, ૩ જે માળે,
૬૩ લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૩૨૨૦૬ / ૯૮૧૯૧૮૭૬૮૭

૩. **સંજય સુરેન્દ્ર કડકીઆ**
માનકર હાઉસ, ૫ મે માળે,
ફલેટ નંબર-૫૦૭, ધાસવાડી, ઝાવબા વાડી,
ઠાકુરદ્વાર, મુંબઈ - ૪૦૦૦૦૨
ફોન : ૨૨૦૧૩૪૧૪

૪. **પરાગ સુરેન્દ્ર કડકીઆ**
૧૪, લક્ષ્મી નીકેતન બિલ્ડીંગ,
૩ જે માળે, રૂમ નંબર ૧૧, ધાસવાડી,
ઝાવબા વાડી, ઠાકુરદ્વાર, મુંબઈ - ૪૦૦૦૦૨
ફોન : ૨૨૦૧૭૧૦૨

૫. **રાજેશ જયંતિલાલ ધારીઆ (દલાલ)**
૪૦૩, બી, આનંદ તીરૂપતી એપાર્ટમેન્ટ
૨૫/એ, ૪ થે માળે, ભુલાભાઈ દેસાઈ રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૨૬
ફોન : ૨૩૫૩૮૭૦૬ / ૯૨૨૩૪૦૩૮૭૨

૬. **કૌશિક કે. પરીખ (ગુંથરીવાળા) - નીતા કે. પરીખ**
**જીગર કૌશિક પરીખ - સુપ્રભા જીગર પરીખ**
**બિનોજ કોશિક પરીખ**
૬૦૧/એ, ક્રિષ્ટલ કો.ઓપ.હા.સો.લી.
ફતેહ બાગ, કાંદિવલી એમ.ટી.એન.એલ.ની સામે,
એસ.વી.રોડ, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૭

## લગ્ન નોંધ

**અવની** દક્ષેશ ગોપાલદાસ દેસાઈ
**ભાવેશ** અજીત જમનાદાસ સંપટ

## તેજસ્વી તારલાં

૧. **ક્રિપા મયુર કચેરીયા (ઠાસરાવાળા)** ICSE માં ૯૪.૨ ટકા માર્કસ મેળવી ઉત્તીર્ણ થાય છે. કોર્મસમાં ૯૮ ટકા તથા English માં ૯૫ ટકા સાથે સ્કુલમાં પ્રથમ આવ્યા છે. સંસ્થાવતી અભિનંદન.

૨. **અંકિત સમીર શાહ (ખડગોધરાવાળા)** S.S.C. ની પરીક્ષામાં ૯૩.૪૨ ટકા માર્કસથી ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

૩. **અચલ મનોજ ધારીઆ (કુણીવાલા)** Diploma in Finance Management .માં ૭૨.૧૦ ટકા માર્કસથી ઉત્તીર્ણ થાય છે. આગળ ભણવા તેઓ ટોરોન્ટો (કેનેડા) ગયેલ છે.

૪. **શલાકા હેમાંગ પરીખ** ICSE ના અંગ્રેજી માધ્યમમાં ૯૫.૪ ટકા માર્કસ મેળવી ઉત્તીર્ણ થયા છે. સવિશેષ ગુજરાતી વિષયમાં તેઓએ ૯૭ ટકા ગુણ મેળવ્યા છે. સંસ્થા વતી અભિનંદન.

૫. **આદિત્ય મીતેશ ધારીઆ** H.Sc.ની પરીક્ષામાં ૯૩ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| ગોપાલદાસ ચીમનલાલ દેસાઈ | ૭૫ |
| અરવિંદ ઓચ્છવલાલ મોદી (કારકુન) (ચક્ષુદાન કરેલ છે.) | ૭૧ |
| ધર્મેશ બાબુલાલ પરીખ (વેલી) | ૪૯ |

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) | Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) | Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) | Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** : Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી – મંત્રી : ભાવેશ મોદી*